# ભારતીય ફોજદારી ન્યાય પ્રણાલીમાં સુધારાની જરૂર

પ્રો. રક્ષા જે. દવે
હરિવંદના લો કોલેજ,રાજકોટ

## પ્રાસ્તાવિક

આ આર્ટિકલ ભારતીય ફોજદારી ન્યાય પ્રણાલીની સંપુર્ણ અને વ્યાપક સમીક્ષા કરી તેના જરૂરી અને અસરકારક સુધારા કરવા માટે કરવામાં આવેલ છે. જેલ પ્રશાસન પણ ફોજદારી ન્યાય પ્રણાલીમાં જ સામેલ છે. તેથી ફોજદારી ન્યાય પ્રણાલીમાં સુધારો લાવવાની સાથે સાથે પ્રક્રિયાત્મક અને મુળ કાયદાઓ, પોલીસ સુધાર તથા ન્યાયિક પ્રક્રિયામાં પણ સુધારો લાવવો એટલો જ જરૂરી છે.

"કાયદો શાંત બેસી રહેવો જોઈએ નહીં, કારણ કે જે લોકો કાયદાની અવગણના કરે છે તેઓ સ્વતંત્ર થઈ જાય છે. જયારે જે કાયદામાં પોતાની સુરક્ષાને શોધે છે તેઓ વિશ્વાસ ગુમાવી બેસે છે."– જેનસન વી. બેકર (Jennison V. Baker) – 1972.

ફોજદારી કાયદાનો આખરી ઉદેશ બીજા દ્વારા કરવામા આવેલા આક્રમણ સામે વ્યકિતગત સ્વતંત્રતાના અધિકારોનુ રક્ષણ કરવાનો છે. નાગરિકોના અધિકારોના રક્ષણ માટે રાજયએ કાયદા નીતિ–નિયમો બનાવેલા છે, અને તેના ઉલ્લંઘન ઉપર પ્રતિબંધ ફરમાવેલ છે. આ કાયદા નિતી–નિયમોનું ઉલ્લંઘન ન થાય તે માટે તેમજ ઉલ્લંઘન કરનારને સજા થાય તે માટે પ્રક્રિયાત્મક કાયદા બનાવેલા છે, તથા તે પ્રક્રિયાત્મક કાયદાની મદદથી ફોજદારી પ્રક્રિયા ચલાવવા ફોજદારી ન્યાય પ્રણાલી અમલમાં છે. પરંતુ એ કાયદાની સૌથી મોટી નબળાઈ છે કે નાગરિકોના અધિકારોનાં રક્ષણ માટે તેની પાસે યોગ્ય કાર્ય યોજનાનો અભાવ છે.

જેમ્ક મેડિસન (James Madision) એ તેમના પુસ્તક "ફેડરાલીસ્ટ (Federalist)" માં ચોખ્ખુ લખ્યુ છે કે, "જો કોઈ વ્યકિત ઈશ્વરીય દુત હોત તો સરકારની જરૂર જ ન પડત". સરકારે નાગરિકોના અધિકારોના રક્ષણ કરવા સતત કાર્ય યોજના બનાવી અમલમાં રહેવું જોઈએ. નાગરિકોના જીવન અને સંપતિના મુળભુત અધિકારની રક્ષા કરવીએ સરકારનું પ્રાથમિક કાર્ય છે. રાજયએ અત્યાચાર, અપમાનજનક વ્યવહાર, હિંસક કૃત્યો અની બીજા સાથે થતા કપટપુર્ણ વ્યવહાર સામે નાગરિકોને રક્ષણ આપવું જોઈએ. સરકાર દ્વારા નાગરિકોના મૂળભૂત અધિકારોની સુરક્ષા વગર સાચી સ્વતંત્રતા આપી શકાય નહીં..

આ આર્ટિમકલનો વિસ્તાર ઘણો જ વ્યાપક છે, કારણ કે અહીં અપરાધ શાસ્ત્ર (Criminal Jurisprudence) અને ભારતીય બંધારણ (Constitution of India) ની જોગવાઈઓના મૌલિક સિધ્ધાંતો સમજયા પછી ખ્યાલ આવે છે કે, અહીં કેટલા અંશે સંશોધનની જરૂર છે. ફોજદારી કાર્યરિતી સંહિતા (Criminal Procedure Code, 1973) ભારતીય દંડ સંહિતા (Indian Penal Code, 1860) અને ભારતીય પુરાવા

અધિનિયમ (Indian Evidence Act - 1872)માં સમયની માંગ અને લોકોની આકાંક્ષા અનુસાર સુધારા લાવવા જરૂરી છે. પરંતુ આ સંશોધન માત્ર આ ત્રણ કાયદાઓમાં સુધારાઓ માટેની ભલામણ કરવા હાથ ધરવામાં આવેલ નથી. પરંતુ ન્યાયશાસ્ત્રનાં મૌલિક સમીક્ષાની સાથે–સાથે સમયની માંગ અનુસાર ન્યાય પ્રણાલીમાં સુધારો પણ મહત્વનો છે. તે ઉદેશ સાથે સંશોધન કરવામાં આવેલ છે. એટલા માટે જ સંશોધકે ઘણી સમીક્ષા કરેલ પણ નથી.

આરોપીને ચુપ્પીનો અધિકાર (Right to Silence) આરોપી નિર્દોષ હોવાનું અનુમાન (Presumption of Innocence), ફરીયાદ પક્ષ ઉપર સાબિતીનો બોજો (Burden of Proof on the Prosecution) અને નિષ્પક્ષ સુનાવણીનો અધિકાર (Right to Fair Trial) વગેરેને સારી રીતે સમજવાનો પ્રયત્ન સંશોધક દ્વારા કરવામાં આવેલ છે.

ન્યાયિક પ્રક્રિયા અને કાયદાઓને સરળ બનાવે, ન્યાયાલયો વચ્ચે સંતુલન સાધી શકે, ફરીયાદપક્ષ અને પોલીસ પ્રક્રિયામાં ઝડપ વધે અને અસરકારક અન્વેષણ થઈ શકે તેવા સુધારા આવે તેમજ બંને વચ્ચે સંતુલન જળવાઈ રહે, પ્રણાલી સરળ, ઝડપી, સસ્તી અને લોકોને અનુકુળ બને તેમજ સામાન્ય માણસોને ન્યાય પ્રણાલી ઉપર વિશ્વાસ જળવાઈ રહે તેવી ફોજદારી ન્યાય પ્રણાલીની ભારતમાં જરૂર છે. જેમાં અન્વેષણ (Investigation) સુધારવા અને ન્યાયિક કાર્યવાહી સુધરાવા તેમજ તે અંગેની જવાબદેહીતા લેનાર એક સંસ્થા ઉભી કરવા અંગેનો પણ સમાવેશ થઈ જાય છે.

ભારત દેશના બંધારણમાં ખુબ જ ઝડપી સુધારાઓ લાવવામાં આવ્યા છે. સંચારકાંતિ (Communication Revolution) ના કારણે લોકોના મગજ–આંખ–કાન ખુલી ગયા છે, જે કારણસર લોકોની અપેક્ષાઓ સતત વધી રહી છે. જેમાં ઝડપી, નિષ્પક્ષ અને સસ્તા ન્યાયની અપેક્ષ તથા ઈચ્છા સર્વભૌમિક છે. જીવન જીવવાના અને સ્વતંત્રતાના અધિકારોની સુરક્ષાને ભારતીય બંધારણમાં મુખ્ય સ્થાન આપવામાં આવેલ છે, જે અનુચ્છેદ ૨૧ થી દરેક નાગરિકને મળવું જ જોઈએ તે રાજયની ફરજ છે તેમ વર્ણવેલ છે. આ કિંમતી અધિકારોનું ઉલ્લંઘન કરવાની કોઈને પણ પરવાનગી નથી. જયાં સુધી તેને કાયદાનું રક્ષણ પ્રાપ્ય છે શું રાજયએ આ ઉદેશ માટે પુરતા ઉપાયો કર્યા છે ? પરંતુ વાસ્તવિકતા કંઈક બીજી જ છે, કારણ કે આ અધિકારોનું રક્ષણ કરવામાં રાજયની ન્યાયિક પ્રક્રિયા નિષ્ફળ જણાય છે, તેથી જ ન્યાય મોડો, મોંઘો અને વિકૃત બન્યો છે આજે સસ્તો, સરળ, ઝડપી ન્યાય એક સપના સમાન બની ગયેલ છે. વ્યવસ્થિત સમાજનું સમગ્ર અસ્તિત્વ ફોજદારી ન્યાય પ્રણાલીના કુશળ અને અસરકારક કાર્ય ઉપર આધારિત છે.

ભારતીય ફોજદારી ન્યાય પ્રણાલી અનુસાર અપરાધ અંગેનું અન્વેષણ (Investigation) પોલીસ દ્વારા કરવામાં આવે છે. જેમાં અપરાધ અંગેના પુરાવા એકત્રિત કરવા, સાક્ષી તપાસવા, અહેવાલ તૈયાર કરવો, અપરાધીની ઓળખ કરવી, અપરાધીને પકડી પાડવો વગેરે સંબંધિત તપાસ કરવાનો સમાવેશ થાય છે. પરંતુ "તથ્ય" શોધી અપરાધીને દોષીત કે નિર્દોષ જાહેર કરવા ન્યાયાલયમાં ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. જે બનાવ અંગે ન્યાયાલયમાં કાર્યવાહી ચાલે છે તે બાબતે ન્યાયાલયનો કે ન્યાયધિશની કોઈ સક્રિય ભુમિકા નથી. છતાં પણ પક્ષકારો દ્વારા રજુ કરવામાં આવેલા આધાર–પુરાવાને ઘ્યાનમાં રાખી ચુકાદો આપી

દેવામાં આવે છે. જયારે બનાવની સફળતા–નિષ્ફળતા તપાસનીશ અધિકારી પર જ આધારિત હોય છે. પરંતુ દુર્ભાગ્યવશ પોલીસ ઉપર આ ન્યાય પ્રણાલી વિશ્વાસ રાખતી નથી. અદાલત પોતે નિષ્ક્રિય હોવા છતાં પણ પોલીસને શંકાથી જ જુએ છે અને તેના પર વિશ્વાસ ધરાવતી નથી.

ફોજદારી કાર્યરિતી સંહિતા – ૧૯૭૩ (The Code of Criminal Procedure – 1973) ની કલમ–૧૬૧ મુજબ તપાસનીશ અધિકારીને બનાવ અંગેની તપાસ માટે બનાવની પરિસ્થિતિમાંથી પરિચીત કોઈપણ વ્યકિતનું નિવેદન લેખિત સ્વરૂપે નોંધવાનો અધિકાર આપે છે.

આ કલમ હેઠળ અન્વેષણ કરનાર પોલીસ અધિકારીને કેસની હકિકતોથી જાણકાર વ્યકિતની તપાસ (Examination) કરવાની સત્તા આપવામાં આવી છે. તે માટે કોઈ સોગંદ આપવાની જરૂર નથી. આવી વ્યકિતનું નિવેદન તે પોલીસ અધિકારી લેખિત ઉતારી શકે જો કે તેમ કરવાનું તેના માટે ફરજીયાત નથી. આમ છતાં તે ડહાપણભર્યુ તો છે જ.

આવી વ્યકિતની પોલીસ અધિકારીના પ્રશ્નોના સાચા જવાબો આપવાની ફરજ છે, પરંતુ જેનાથી તેના પર ફોજદારી ગુનાનો આરોપ મુકી શકાય તેમ હોય કે તે દંડ કે જપ્તીને પાત્ર બને તેમ હોય તો તેવા જવાબો આપવા તે બંધાયેલ નથી. જો સાક્ષીના નિવેદનની નોંધ કરવામાં આવી હોય તો તે અલગ અને સાચી નોંધ હોવી જોઈએ, એટલે કે જે રીત નિવેદન કરવામાં આવ્યું હોય તે જ રીતે નોંધ થવી જોઈએ.કલમ – ૧૬૨માં એવી જોગવાઈ કરવામાં આવી છે કે માત્ર આરોપી આ પ્રકારના નિવેદનનો ઉપયોગ કરી શકે છે.

ક. ૧૬૨નો હેતુ તપાસની શરૂઆત પહેલા પોતાના સામેના કેસની પુરી જાણકારી આરોપીને આપવાનો છે. આ જોગવાઈ આરોપીના રક્ષણ માટે ઘડવામાં આવી છે. આ કલમ મુજબ આરોપીએ પોલીસ સમક્ષ કરેલ નિવેદન કે તેની નોંધ પુરાવામાં સ્વિકાર્ય નથી. આ કલમ બહુ જ સ્પષ્ટ છે. કારણ એવુ છે કે ઘણી વખત પોલીસ વ્યકિત પર દબાણ કરીને તેને નિવેદન કરવા ફરજ પાડે છે. વળી એવું પણ બને છે કે વ્યકિતના નિવેદનની પોલીસ અધિકારીએ પુરેપુરી નોંધ ન કરી હોય, ઘણી વખત તો સારાંશ જ લખી લેવામાં આવતો હોય છે. આથી આવા નિવેદનનો પુરાવામાં ઉપયોગ કરવા સામે પ્રતિબંધ મુકવામાં આવેલ છે.

કોઈ વ્યકિતને પ્રકરણ ૧૨ હેઠળના અન્વેષણ દરમિયાન પોલીસ અધિકારી સમક્ષ કરેલ નિવેદન પર નિવેદન કરનારની સહી લેવામાં આવતી નથી, તેમ જ આવા નિવેદનનો પુરાવામાં ઉપયોગ કરી શકાતો નથી. આ પ્રતિબંધ આવા અન્વેષણ દરમિયાન પોલીસ અધિકારી સમક્ષ કરવામાં આવેલ તમામ નિવેદનોને લાગુ પડે છે. 'કોઈ વ્યકિત'માં આરોપીનો પણ સમાવેશ થાય છે.

ફરીયાદ પક્ષના સાક્ષીએ અગાઉ કરેલા નિવેદનનો ઉપયોગ તેને ખોટા પાડવા માટે કરી શકાય. અદાલતની પરવાનગીથી ફરીયાદ પક્ષ પણ આવો ઉપયોગ કરી શકે. સાક્ષીને ઊલટ–તપાસમાં જ ખોટા પાડી શકાય. આથી ફરિયાદ પક્ષ પોતાના સાક્ષીની ઊલટ–તપાસ લે તે માટે તેણે અદાલતને પોતાના સાક્ષીને દુશ્મન સાક્ષી

(Hostile Witness) જાહેર કરવાની વિનંતી કરવી જોઈએ. ફરીયાદ પક્ષ પોતાના સાક્ષીને દુશ્મન સાક્ષી જાહેર કર્યા વિના તેની ઊલટ–તપાસ કરી શકે નહિં.

જયારે નિવેદનમાં કોઈ ભાગનો આવી રીતે ઉપયોગ કરવામાં આવે, ત્યારે ઊલટ–તપાસમાં જેનો ઉલ્લેખ થયો હોય, તેવી કોઈપણ બાબતના ખુલાસા માટે નિવેદનના કોઈપણ ભાગનો ઉપયોગ થઈ શકે. પ્રબંધકની જોગવાઈઓ મુજબ નિવેદનનો ઉપયોગ ફકત સાક્ષીને ખોટો પાડવા (Contradiction) માટે જ થઈ શકે. દા. ત., અ અદાલતમાં એમ કહે છે કે "મે બ ને લોહીવાળા હાથ સાથે ભાગી જતા જોયો હતો." જો તેણે પોલીસ અધિકારી સમક્ષ એવું નિવેદન કર્યું હોય કે "પોતે બ ને લોહીવાળા હાથ સાથે ભાગી જતા જોયેલ નથી." તો આ નિવેદનનો ઉપયોગ, તેને ખોટો પાડવા માટે કરી શકાય. ખુલાસાથી એમ ઠરાવવામાં આવ્યું છે કે જયારે કોઈ મહત્વની હકિકત કે સંજોગ ન જણાવવામાં આવે તો તે સંદર્ભ લક્ષમાં લઈને ખોટું નિવેદન બની શકે. આવા નિવેદનનો ઉપયોગ ફરીયાદ પક્ષના સાક્ષીને જ ખોટા પાડવા માટે કરી શકાય. બચાવ પક્ષના સાક્ષીને ખોટા પાડવા માટે આવા નિવેદનનો ઉપયોગ કરી શકાય નહીં.

જો આરોપી ફરીયાદ પક્ષના સાક્ષીના પોલીસ સમક્ષ અગાઉ કરેલ નિવેદન પર આધાર રાખવા માગતો હોય, તો સૌ પ્રથમ તેણે પુરવાર કરવુ જોઈએ. જો ઊલટ–તપાસમાં સાક્ષી પોતાનું નિવેદન સ્વીકારે તો તે પૂરતું છે. જો તે તેનો ઈન્કાર કરે, તો જે પોલીસ અધિકારીએ તે સાક્ષીનું નિવેદન નોંધ્યુ હોય તેને બોલાવીને નિવેદન પુરવાર કરવું જોઈએ. જો આવું નિવેદન પુરવાર ન થાય, તો સાક્ષીને ખોટો પાડી શકાય નહીં. **એ ધ્યાનમાં રાખવાનું છે કે સાક્ષીના નિવેદનનો ઉપયોગ તેના સમર્થન માટે નહીં, પરંતુ તેને ખોટો પાડવા માટે જ કરી શકાય છે.**

વાદગ્રસ્ત બાબતો સંબંધી કે સાક્ષીઓ અગાઉ લેખિત નિવેદનો કર્યા હોય અથવા તેને લેખિત સ્વરૂપ આપવામાં આવ્યું હોય, તે તેને બતાવ્યા વગર અથવા પુરવાર કર્યા વિના તે સંબંધી તે સાક્ષીની ઊલટ તપાસ કરી શકાય. પરંતુ આવા લખાણથી તેનો વિરોધ કરવાનો ઈરાદો હોય, તો આવું લખાણ પુરવાર કરતાં પહેલા તેનો વિરોધ કરવાના હેતુ માટે (તેનો લખાણના) જે ભાગનો ઉપયોગ કરવાનો હોય, તે તરફ તેનું ઘ્યાન દોરવું જોઈએ : ક. ૧૪૫.

સામાન્ય નિયમો એવા છે કે દસ્તાવેજ થયાનું સાબિત ન થાય, ત્યાં સુધી તેની વિગતો પુરાવામાં રજુ કરી શકાય નહિં. આ કલમ સામાન્ય નિયમમાં અપવાન ઉત્પન્ન કરે છે. સાક્ષી વિશ્વાસપાત્રતા પર આરોપણ કરવાની એક રીતે આ કલમમાં સુચવવામાં આવી છે. સુસંગત હકિકતો સંબંધી સાક્ષીએ અગાઉ કોઈ પ્રસંગે લેખિત નિવેદન કર્યુ હોય, અથવા તેને લેખિત સ્વરૂપ આપવામાં આવ્યું હોય તો તે લખાણ તેને બતાવ્યા અગર પુરવાર કર્યા સિવાય, તેની ઊલટ તપાસ કરી શકાય. પરંતુ તે લખાણથી તેનો વિરોધ કરવાનો ઈરાદો હોય તો તે લખાણ તેને બતાવવુ જોઈએ. આ જોગવાઈનો હેતુ સાક્ષીની યાદદાસ્તની કસોટી કરવાનો અથવા તેણે અગાઉ કરેલ લેખિત નિવેદનનો વિરોધ કરવાનો છે. આવું લખાણ, દસ્તાવેજો, પત્રો, કથનો, પોલીસ ડાયરીઓ વગેરે હોઈ શકેએ નોંધવું જોઈએ કે અગાઉનું દફતર લેખિત હોવું જોઈએ.

આરોપી દ્વારા પોલીસ અધિકારી સમક્ષ કરવામાં આવેલ નિવેદનો ભારતીય પુરાવા અધિનિયમ – ૧૮૭૨ની કલમ – ૧૨૭ મુજબ માત્ર અમુક ભાગ જ લઈ શકાય કે જેનાથી કોઈપણ "તથ્ય" શોધી શકાય તપાસનીશ અધિકારી દ્વારા એકત્રિત કરવામાં આવેલી કિંમતી વસ્તુઓ ફરીયાદપક્ષ દ્વારા ઉપયોગમાં લઈ શકાય નહીં. જેથી એવું પણ બને કે સાક્ષીઓ દ્વારા આપવામાં આવેલ નિવેદન વિરોધાભાસ થાય. આજકાલ આરોપી વધારે જાણકાર બની ગયેલ છે. જેથી તેઓ અપરાધ કરતી વખતે પણ પુરાવા છોડતા નથી. જેના માટે તેઓ અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરતા થયા છે. દુર્ભાગ્યવશ તપાસનીશ અધિકારી અને પોલીસ પાસે આરોપી જેટલી જાણકારીનો અભાવ છે અને તેઓમાં જ્ઞાન અને જાણકારીનો વધારો કરવા માટે કોઈ પ્રશિક્ષણ આપવામાં આવતુ નથી. આ બધા કારણો ફરીયાદપક્ષને ગંભીરતપુર્વક અસર કરે છે. આ ભારતીય ફોજદારી ન્યાય પ્રણાલીની નિષ્ફળતાનું મુખ્ય કારણ છે. જયાં સુધી ફરીયાદપક્ષની વ્યવસ્થાનો પ્રશ્ન છે ત્યાં સુધી એ સ્પષ્ટ જોઈ શકાય છે કે પોતાનો પ્રશ્ન પ્રબળતાપુર્વક અને અસરકારક રીતે રજુ કરવા માટે બચાવપક્ષ પાસે કાયદાના જાણકાર છે તેવા કાયદાના જાણકાર ફરીયાદપક્ષ પાસે નથી અને જે જાણકારો ફરીયાદપક્ષ તરફથી છે તેઓ તેમની પ્રતિભા બતાવી શકયા નથી.

જયાં સુધી ફરીયાદપક્ષનો પ્રશ્ન છે. ઘણી વખત જોવામાં આવે છે કે ન્યાયાલયની સામે પોતાનો કેસ રજુ કરવામાં સારી કાનુની પ્રતિભાનો લાભ પ્રાપ્ત થઈ શકયો નથી. જયારે બચાવપક્ષનું પ્રતિનિધિત્વ તેમની પસંદગીના ખુબ જ સક્ષમ વકીલો દ્વારા કરવામાં આવે છે તેથી અહીં એક પ્રકારનું અસંતુલન છે કે બંને પક્ષકારોનું પ્રતિનિધિત્વ એક સમાન પ્રતિભાવાળા વકીલો દ્વારા થતું નથી. કેસ ચલાવવા માટે ફરીયાદપક્ષ પર સાબિતીનો બોજો ઘણી જવાબદારીવાળો છે તેથી તેને ખૂબ જ સક્ષમ વકીલ દ્વારા પ્રતિનિધિત્વની જરૂર છે. અન્વેષણ અધિકારી અને ફરીયાદપક્ષ વચ્ચે સમન્વયનો અભાવ એક બીજી મોટી સમસ્યા છે અને તેથી કેસમાં વધારે ખરાબ પરિસ્થિતી ઉભી થાય છે.

ફોજદારી ન્યાય પ્રણાલીમાં મુખ્ય કાર્યકારીઓ સિવાય પિડીત, સમાજ અને આરોપી પણ પોતાનો મહત્વનો હિસ્સો ધરાવે છે તેમજ સાક્ષીઓ સામાન્ય જનતાના સભ્યો છે. જેનું મહત્વ ખુબ જ રહેલું છે.બચાવપક્ષ દ્વારા પિડીતના અધિકારો ઉપર હુમલો કરવામાં આવેલ હોય છતાંપણ તેને સાક્ષી તરીકે ભાગ લેવાનો અધિકાર માન્ય રાખવામાં આવતો નથી. પ્રણાલી તેમને ન્યાયાલયમાં સહાયતા કરવા માટે કે પુરાવા ઉમેરવા કે સાક્ષીઓને પ્રશ્નો કરવા જેવી કોઈપણ તક આપશે નહીં. આ રીતે આ પ્રણાલી પિડીતના અધિકારો પ્રત્યે સંપુર્ણ રીતે અસંવેદનશીલ છે. સમગ્ર ઘ્યાન આરોપી ઉપર જ કેન્દ્રીત કરવામાં આવે છે, જયારે પિડીત માટે જાણે કોઈ જ લાગણી નથી જણાતી. આમ, આ પ્રણાલીએ જાણે કે તેને મહત્વપુર્ણ લાભથી વંચિત કરી દીધેલ છે.

ફોજદારી કેસો મોટા પ્રમાણમાં સાક્ષીઓની જુબાની ઉપર જ આધારિત હોય છે. સાક્ષીઓ ન્યાયાલયમાં આવે છે. સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે અને પકડાય તો દંડ સાથે છુટી પણ જાય છે. ખોટી જુબાની આપનાર સામેની કાર્યવાહીની પ્રક્રિયા સરળ નથી, તેથી જ ન્યાય વિશેનો તેનો ખુબ જ ઓછા પ્રમાણમાં ઉપયોગ કરે છે.

સાક્ષીનું ફરી જવું (Witness turning hostile) એ એક સામાન્ય સમસ્યા બની ગયેલ છે કેસ ચલાવવા અને પુરો કરવામાં મોડુ થાય છે. તેથી જ આરોપીને ધમકી આપી અથવા લાલચ આપી કેસ તેના તરફેણમાં કરી લેવાની ઘણી તકો મળે છે.

સાક્ષીઓને પુરતી સુરક્ષા અને સહાય આપવામાં આવતી નથી. આ ઉપરાંત તેને આવવા–જવાનું ભાડું, બેસવા માટે જગ્યા, પીવાનું પાણી, શૌચાલય વગેરે જેવી પ્રાથમિક સુવિધા પણ આપવામાં આવતી નથી તે જેટલો ખર્ચ કરે છે. તેનાથી અડધી રકમ પણ આપવામાં આવતી નથી અને તે વિશે ભારતીય ન્યાય પ્રણાલી જરા પણ ચિંતીત નથી. પોતાનું કામ છોડીને આવેલા આવે છે. આથી સાક્ષીએ વારંવાર તેનું કાર્ય છોડી જુબાની આપવા ન્યાયાલયમાં ધકકા ખાવા પડે છે. આ પ્રકારની સમસ્યાનો સામનો કરી રહેલા સાક્ષીઓ આરોપી અને તેના પરિવારની ચાલમાં ઝડપથી આવી જાય છે અને તે સાક્ષીઓ ખરાબ ન્યાય પ્રણાલીનો શિકાર બની ગયેલ હોય. ખોટી જુબાની આપી જતો રહે છે. આ કેટલીક મુખ્ય સમસ્યાઓ છે. જે ભારતીય ફોજદારી ન્યાય પ્રણાલીની નિષ્ફળતામાં મહત્વનું યોગદાન આપે છે.

કયાંય પણ ફોજદારી ન્યાય પ્રણાલીના વ્યાપક ઉદેશને સંહિતાબધ્ધ (Codified) કરવામાં આવેલ નથી. તેનુ બંધારણ અને ન્યાયિક ધોષણા સહિત જુદી–જુદી પ્રક્રિયાથી અનુમાનિત કરવામાં આવે છે. દરેક લોકશાહી સભ્ય સમાજના રૂપમાં ફોજદારી ન્યાય પ્રણાલી દ્વારા અપરાધો અને અપરાધીઓ સામે પ્રભાવિત રીતે ઝડપી અને કાનુની પધ્ધતિથી ન્યાયિક સુરક્ષા વડે ન્યાય આપવામાં આવે તેવી આશા રાખે છે. ખાસ કરીને અપરાધીઓને ઓળખ નકકી કરી, વિના વિલંબે સજા આપવા અને પુનઃઅપરાધીકરણ રોકવા માટે અસરકારક ન્યાય પ્રણાલી માટે સમાજ આશાવાદી છે.

## સંદર્ભ સૂચિ

1. Malimath Committee Report - 2003
2. The Code of Criminal Procedure – 1973